આણંદ જિલ્લામાં ચોમાસું બેઠું : દેદરડાનો વડ પડતાં રસ્તો બંધ

આણંદમાં મોડી સાંજે આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાઈ ગયા હતા જેથી વરસાદ શરૂ થતાં અંધારપટ છવાયો હતો અને જાહેર માર્ગો ઉપર પાણી ભરાયા હતા.

દેદરડાનો વર્ષો જૂનો વડ પડી જતાં માર્ગ બંધ : બોરસદનું તળાવ છલોછલ

આણંદ,તા.૧૧

આણંદ જિલ્લા સહિત મધ્યગુજરાતમાં ચોમાસાએ વિધિવત એન્ટ્રી કરી દીધી છે. બપોરથી જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાતાં જિલ્લાભરમાં અંધારપટ છવાયો હતો. તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષા થઈ હોવાના અહેવાલો મળી રહ્યા છે. જ્યારે હવે અતિભારે વરસાદની આગાહીને કારણે તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે.

બોરસદ તાલુકામાં અતિભારે વરસાદ થયો હતો. જેમાં દેદરડા ગામનું તળાવ ઉભરાય તેવી વકી છે. અને ગામમાં મુખ્ય માર્ગ ઉપર વર્ષો પુરાણો વડ વરસાદના મારથી ઉખડી પડતાં રોડ બંધ થઈ ગયો હતો. જેથી ભારે વરસાદમાં વાહન ચાલકો અટવાઈ ગયા હતા. ગ્રામજનોએ વરસાદમાં વડના ડાળખા કાપીને મોડી રાત્રે રસ્તો ખુલ્લો કર્યો હતો. બોરસદની સોસાયટી વિસ્તારોમાં નીચાણવાળા ભાગમાં ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. તાલુકાના ગામડાઓમાં અતિભારે વરસાદથી ઠેરઠેર પાણી ભરાઈ ગયું હતું. કેટલાક સ્થળોએ વીજપુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. બોરસદના તોરણાવમાતા રોડ ઉપર પાણી ભરાઈ જતાં સોસાયટીઓમાં પાણી ઘુસ્યા હતા. આણંદ જિલ્લામાં પાંચ દિવસના વિરામ પછી ચોમાસાની સીસ્ટમ એકટીવ થતાં વિધિવત રીતે ચોમાસાની એન્ટ્રીની શરૂઆત થઈ ગઈ છે. જેના કારણે હવામાનમાં એકાએક પલટો આવી ગયો હતો. આકાશમાં વાદળો છવાતાં સૂર્યની હાજરી દેખાતી ન હતી. જેથી માહોલમાં અંધારૂં છવાયું હતું અને સાંજના ૪ વાગ્યા પછી આણંદ જિલ્લાના સમગ્ર વિસ્તારોમાં એકધારો વરસાદ પડવાનો શરૂ થતાં શ્રીકાર વર્ષા થઈ હોવાનું જણાયું હતું.

ગરમીનો પારો એકાએક નીચે ઉતરી જતાં પવન સાથે ઠંડકનો અનુભવ પણ થવા માંડ્યો હતો. ચાની કીટલીઓએ તથા ફાફડા, ભજીયાની લારીવાળાઓને ફાયદો થયો હતો. જ્યારે વરસાદને કારણે ઘરાકીના અભાવે દુકાનદારોએ દુકાનો વહેલી વધાવીને ઘર ભેગા થઈ જવામાં શાણપણ સમજ્યું હતું. વરસાદનો માહોલ છવાતાં ખેડૂતોએ પણ ડાંગરની રોપણી શરૂ કરી દીધી હતી. ડાંગરના ધરૂ વાડીયાઓમાં ધરૂનો ભાવ પણ ધીમે ધીમે ઉંચકાઈ રહ્યો છે. નીચાણવાળા વિસ્તારોમાં એકધાર્યા વરસાદથી પાણી ભરાયા હતા. પરંતુ ધીમે ધીમે ઓસરી પણ જતા હતા. આગામી ચાર દિવસોમાં ભારે કે અતિભારે વરસાદ થાય તેવી આગાહીના કારણે વહીવટીતંત્ર પણ એલર્ટ થઈ ગયું હતું. જિલ્લાભરમાં આણંદ તાલુકામાં ૩૦ મીમી, ઉમરેઠમાં ૨૬, બોરસદમાં ૩, આંકલાવમાં ૧૦, પેટલાદમાં ૭, સોજીત્રામાં ૧૦, ખંભાતમાં ૧ અને તારાપુરમાં ૮ મીમી વરસાદ બુધવાર સુધીમાં નોંધાયો હતો.

યુનિ.ના વિદ્યાર્થીઓ વિશ્વના કોઈપણ ખૂણેથી ઓનલાઈન ડોક્યુમેન્ટ્સ મેળવી શકશે

સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે સીન્ડીકેટ બેઠક કુલપતિ ડો.શીરીષ કુલકર્ણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. ઉપરોક્ત તસવીરમાં સીન્ડીકેટ સભ્યો તથા કુલપતિ એજન્ડા પર ચર્ચા કરતા.

(પ્રતિનિધી) આણંદ,તા.૧૧

સરદાર પટેલ યુનિ.ના વિદ્યાર્થીઓ સમગ્ર ભારત સહિત વિશ્વના કોઈપણ ખૂણેથી તેઓના શૈક્ષણિક ડોક્યુમેન્ટ્સ આંગળીના ટેરવે ઓનલાઈન મેળવી શકશે. યુનિ. દ્વારા આ વર્ષથી જ નેશનલ એકેડેમીક ડીપોઝીટ (એન.એ.ડી.) યોજના અમલમાં મુકવા જઈ રહી છે જેનાથી વિદ્યાર્થીઓને તેમના ડોક્યુમેન્ટ્સ મેળવવા માટે યુનિ.ના ધક્કા ખાવાની જરૂર પડશે નહીં.

સરદાર પટેલ યુનિ.ના કુલપતિ ડો.શીરીષભાઈ કુલકર્ણીએ જણાવ્યું હતું કે નેશનલ એકેડેમીક ડીપોઝીટ યોજના અંતર્ગત યુનિ.ના વિદ્યાર્થીઓ તમામ ડોક્યુમેન્ટ્સ ઓનલાઈન મેળવી શકશે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ, ડીપ્લોમા કોર્ષના સર્ટીફીકેટ વિશ્વના કોઈપણ ખૂણેથી ઓનલાઈન મેળવી શકશે. જેમાં યુનિ.ની સંલગ્ન તમામ કોલેજોના અંદાજીત ૫૦ હજાર વિદ્યાર્થીઓનો ડેટા યુનિ.ની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવશે.

આ યોજના આ વર્ષથી જ અમલમાં મુકવામાં આવશે જેનાથી વિદ્યાર્થીઓને તેમના જરૂરી ડોકયુમેન્ટ્સ મેળવવા યુનિ.ના ધરમધક્કા ખાવા પડશે નહીં.

એક્સપ્રેસ હાઈવે પર મોટી સંખ્યામાં વાહનો અટવાયા

મુંબઈ,તા. ૧૦

મુંબઈમાં ભારે વરસાદના કારણે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર મોટી સંખ્યામાં લોકો અટવાઈ પડ્યા છે. જેના પરિણામ સ્વરુપે બાળકોને વધારે મુશ્કેલી આવી રહી છે. આ એક્સપ્રેસ હાઈવે ઉપર પાણી ભરાઈ જવાના કારણે મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા છે. મળેલી માહિતી મુજબ ૧૨૯૨૮ વડોદરા એક્સપ્રેસ ટ્રેન નાલાસોપારા અને વિરાર વચ્ચે ફસાઈ ગયા બાદ તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી.

જાહેર નોટીસ

એમ.એસ.ગઢવી સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પેટલાદની કોર્ટમાં, મુ.પેટલાદ

જન્મ-મરણ નોંધણી અરજી નં. ૪૩/૧૮
અરજદારના વકીલશ્રી પી. એસ. પટેલ

અરજદાર : પટેલ ચીમનભાઈ શીવાભાઈ
રહે. ટાવર પાસે, બોરીયા બસ સ્ટેન્ડ પાસે,
મુ. બોરીયા, તા. પેટલાદ, જિ. આણંદ.
વિરૂધ્ધ
સામાવાળા : (૧) મામલતદારશ્રી, પેટલાદ (૨) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, કણીયા ગ્રામ પંચાયત, તા.પેટલાદ, જિ.આણંદ.

જન્મ-મરણ અધિનીયમની-૧૯૬૯ કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, આ કામના અરજદારશ્રીએ તા.૨૯/૦૬/૨૦૧૮ ના રોજ અત્રેની કોર્ટમાં મજકુર નંબરની અરજી દાખલ કરેલ છે. જેમાં અરજદારશ્રી નામે પટેલ ચીમનભાઈ શીવાભાઈનો જન્મ તા.૧/૬/૧૯૫૨ ના રોજ જિલ્લા : આણંદ તા.પેટલાદના ગામ : બોરીયા ખાતે થયેલ છે અને તે જન્મની ગ્રામ પંચાયત બોરીયા ખાતે નોંધણી થયેલ ન હોઈ, નોંધણી કરવા હુકમ મેળવવા માંગણી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધિ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી. આજ રોજ તા.૩૦/૦૬/૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(સહી/-)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પેટલાદ.

અરજદારના વકીલ શ્રી-આર.એસ.પટેલ

ખેડા જિલ્લાના મહે. ત્રીજા એડિશ્નલ ડિસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં, મુ.નડીયાદ, જિ.ખેડા

સીવીલ પરચુરણ અરજી નં.૧૫૯/૨૦૧૮
આંક : ૧૦

અરજદાર : ધર્મિષ્ઠાબેન તે અશોકભાઈ નટવરભાઈ પંચાલની પુત્રીના પાવર ઓફ એટર્ની
અશોકભાઈ નટવરભાઈ પંચાલ, ઉ.વ.૬૩, ધંધો-ખેતી,
રહે. અંબીકા સોસાયટી, મુ.કણજરી, તા.નડીયાદ, જી.ખેડા
વિરૂધ્ધ
સામાવાળા : સંજયકુમાર ગોવિંદભાઈ પંચાલ, ઉ.વ.૩૯, ધંધો-ખેતી, રહે.ઘર નં.૭,
સાંઈધામ સોસાયટી, ગાંધીજી સ્ટેચ્યુ પાસે, બાકરોલ રોડ,
મુ.આણંદ, તા.જી.આણંદ.

વિષય : ધી ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એક્ટની કલમ-૭ તથા ૨૬ મુજબ અરજી...

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવાનું કે ઉપરોક્ત અરજદારના લગ્ન સંજયકુમાર ગોવિંદભાઈ પંચાલ સાથે થયેલા. જેમના લગ્નજીવનથી એક સંતાન નામે જય ઉ.વ.૧૪નો જન્મ થયેલ. અને હાલ તે અરજદાર સાથે રહે છે. લગ્નના બે વર્ષ બાદ અરજદાર અને સંજયકુમાર સાથે વાણી, વર્તન તેમજ સ્વભાવમાં મતભેદો રહ્યા કરતા હતા. જેથી બંનેનું લગ્નજીવન ના બગડે તે હેતુથી લગ્ન વિચ્છેદની અરજી અરજદારે બંનેની સંમતિથી દાખલ કરેલી. આ અરજી ચાલતા અરજદારનો પુત્ર જય અરજદાર સાથે રહે તે સામે સંજયકુમારે વાંધો લીધેલ નથી અને આથી નામદાર કોર્ટે તેમની કસ્ટડી તેમને સોંપવાનો કોઈ ઓર્ડર કરેલ નથી. અરજદાર હાલ લંડન મુકામે રહે છે. જેથી અરજદારનો પુત્ર જય કે જે હાલ અરજદાર થકી અરજદારના માતાશ્રી અને જય ના દાદી સાથે રહે છે.

આથી ઉપરોક્ત અરજદારે પુત્ર નામે જય ના વાલી તરીકે નિયુક્તી કરી સદર જયની એકમાત્ર કસ્ટડી અરજદારની છે તેવું જાહેર કરવા તથા પુત્રને અરજદાર કાયમ ખાતે લંડન લઈ જવા પુત્રના જીવનના ભવિષ્ય માટે ઉપરોક્ત અરજદારે સદર અરજી કરેલ છે.

જેથી આ અરજી સામે જે કોઈ વ્યક્તિને વાંધો કે હરકત હોય તેમણે જાતે અગર તો માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૩/૮/૨૦૧૮ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે રુબરુ હાજર રહી પોતાના વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો કોઈને વાંધો કે હરકત નથી તેમ માની નામદાર કોર્ટ સદર અરજી અંગે યોગ્ય તે ન્યાયીક હુકમ કરશે જેની નોંધ લેવી.

આજરોજ તારીખ ૧૦ માહે જુલાઈ સને ૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી
(એન.જે.સોલંકી)	(ડી.બી.ભગોરા)		(એ.પી.પરમાર)
આસીસ્ટન્ટ	બેન્ચ ક્લાર્ક		ડેપ્યુટી રજીસ્ટ્રાર સીવીલ બ્રાન્ચ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, નડીયાદ

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે ગામ ચિખોદરા, તા.જી.આણંદની સીમની સર્વે નં. ૪૭/૧, કુલ ક્ષેત્રફળ હે. ૦-૨૪-૨૮ આરે, આકાર રૂા. ૪.૬૩, ખાતા નં. ૩૬૮ વાળી જુની શરતની ખેતીલાયક જમીન (૧) વિદ્યાબેન વલ્લભભાઈ પટેલ (૨) રાજકુમાર વલ્લભભાઈ પટેલ, બંને રહે. મુ.પો. ચિખોદરા, તા.જી.આણંદ નાઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની આવેલ છે તેમ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહુ ખેતીલાયક જમીન અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા માંગતા હોય તેઓએ અમારી પાસેથી સદરહું જમીન અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈપણનો કશી પ્રકારનો હક્કદાવો, લાગભાગ યા સદર મિલકત ઉપર કોઈ બેંક, સંસ્થા યા અંગત લ્હેણું, ધીરાણ, બોજો હોય અથવા તો કશી પ્રકારે વાંધો યા અન્ય કોઈ હક્ક કે અધિકાર રાઈટ ટાઈટલ ઈન્ટરેસ્ટ હોય તો દિન-૭ માં અમોને નીચેના સરનામે પુરાવા સહીત લેખિત જાણ કરવી, અન્યથા સદર મુદત વિત્યે કોઈનો કશી પ્રકારનો હક્કદાવો લ્હેણું નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે, તેમ ગણી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે, અને અમારા અસીલ સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની જાહેર જનતા/લાગતા વળગતાઓએ નોંધ લેવી.

અમારી સુચનાથી, સહી/- (૧) વિદ્યાબેન વલ્લભભાઈ પટેલ
(૨) રાજકુમાર વલ્લભભાઈ પટેલ
તા.૧૧/૭/૨૦૧૮

અમારા અસીલની સુચનાથી, **સુરેશ પી. પરમાર, એડવોકેટ**
એફ/૭, ન્યુ વકીલ ચેમ્બર્સ, ટાઉન પોલીસ સ્ટેશન સામે, મુ.પો.આણંદ. મો. ૯૯૧૩૦૮૬૫૦૦

જાહેર નોટીસ

આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

મોજે ગામ **વલ્લભ વિદ્યાનગર**, તા.જી. આણંદના **સીટી સર્વે નંબર: ૬૫૯**, જેનું કુલ ક્ષેત્રફળ **૮૩૦.૨૫ ચોરસમીટર** વાળી મિલકતના માલિકો (૧) સુધીરભાઈ લલ્લુભાઈ પટેલ, (૨) પ્રવિણભાઈ લલ્લુભાઈ પટેલ, (૩) સુરેખાબેન લલ્લુભાઈ પટેલ, (૪) કોકીલાબેન કિરીટભાઈ પટેલ, (૫) નિલમબેન કિરીટભાઈ પટેલ, (૬) પ્રસન્નાબેન કિરીટભાઈ પટેલ, (૭) પારૂલબેન કિરીટભાઈ પટેલ, (૮) જયશાલી કિરીટભાઈ પટેલ, તમામ રહેવાસી અમેરીકાનાએ પોતાની માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી અને સંપૂર્ણ ટાઈટલ ક્લીયર છે અને રેકર્ડ ઓફ રાઈટસમાં તેમના નામે ચાલે છે તેમ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ હોય અમારા અસીલે અમારી પાસે સદરહુ મિલકતના ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ જેથી સદર મિલકત અંગે અન્ય કોઈને કોઈ હકક દાવો, લાગભાગ કે ખોરાકી-પોષાકીનો લીયનનો હકક પોષતો હોય કે ગીરો હકક, ગણોત હકક, બાનાખત, કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો બોજો હોય અથવા કોઈ પણ જાતનો અધિકાર હોય કે તકરાર હોય તો અથવા કોઈ પણ પ્રકારનો વેચાણ કરાર કે અન્ય પ્રકારે ચાર્જ કે બોજામાં અથવા તે સંબંધી વાધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં દસ્તાવેજી પુરાવા સાથે લેખિત વાંધો અમોને નીચેના સરનામે આપવો અને જો તેમ કરવામાં કસૂર થશે તો કોઈનો કશી પ્રકારે હકક, દાવો કે વાંધો તે મિલકત માટે નથી અને હકક હોય તો તે વેવ કરેલા છે તેમ માનીને અમો સદરહુ મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું તેમજ અમારા અસીલ સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈનો વાંધો કે તકરાર ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ: ૧૦/૦૭/૨૦૧૮
સ્થળ : આણંદ.

મારી મારફતે : **યોગેશ દરજી એન્ડ કું. (યોગેશ એમ. દરજી-એડવોકેટ)**
ઠે.એફ/૧૨૨, નિલકંઠ સ્કવેર, નવા જીલ્લા સેવા સદન સામે, ગણેશ ચોકડી પાસે,
આણંદ, તા.જિ.આણંદ. મો.નં. ૯૮૨૫૪૨૮૫૫૦ Email : ydarji88@yahoo.in

---

રઘવાણજ ચોકડી નજીકથી બીનવારસી ટેમ્પો મળી આવવાના ગુનામાં લૂંટ-અપહરણનો ગુનો

ટ્રેલરમાં ધસી આવેલ ચાર લૂંટારૂની ગેંગે ટેમ્પા ચાલકને બંધક બનાવી ટેમ્પામાં ભરેલ સીગારેટ, સાબુ, બીસ્કીટ સહીતની રૂા.૭,૦૬,૦૦૦ની મતાની આચરેલ લૂંટ

(બ્યુરો) નડીયાદ,તા.૧૧

ને.હા.નં.૮ પર માતરની રઘવાણજ ચોકડી પાસે ગત રોજ એક બીનવારસી ટેમ્પો મળી આવ્યા બાદ ચાલક આંત્રોલી સીમમાંથી મળી આવ્યાના બનાવ સંદર્ભે માતર પોલીસે લૂંટ અને અપહરણનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રામ માહિતી અનુસાર ને.હા.નં.૮ પર આવેલ માતરની રઘવાણજ ચોકડી નજીક રતનપુર ગામના સર્વિસ રોડ પર ગત રોજ એક આઈશર ટેમ્પો નંબર જીજે ૧ બીવાય ૫૧૨૩ બીન વારસી મળી આવ્યા બાદ ટેમ્પાનો ચાલક શીવશંકર રામપ્રતાપ સોનકર (રહે.પ્રતિક રોડ લાઈન્સ અસલાલી અમદાવાદ મૂળ રહે. ફતેહપુર યુપી) પણ આંત્રોલી ખાતે મળી આવ્યા બાદ ચાલકે અજાણ્યા યુવકે પોતાને લૂંટારૂ ગેંગે બંધક બનાવી ટેમ્પામાં ભરેલ લૂંટ ચલાવી હોવાનું માતર પોલીસને જણાવતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું.

બાદ માતર ખાતે દોડી આવેલ જિલ્લા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ટેમ્પા ચાલક શીવશંકરની આદરેલ ઘનીષ્ઠ પુછપરછમાં અમદાવાદના અસલાલી સ્થિત પ્રતિક રોડલાઈન્સમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતો શીવશંકર (ઉ.વ.૨૫) ગત વહેલી સવારના અમદાવાદથી આઈશર ટેમ્પા નંબર જીજે ૧ બીવાય ૫૧૨૩માં સીગારેટ, નુડલ્સ, સાબુ, બિસ્કીટ સહીતનો માલસામાન ભરી સુરત ખાતે ડીલીવરી કરવા રવાના થયો હતો.

ટેમ્પો વહેલી સવારના પાંચેક વાગ્યાના સુમારે સોખડા ગામની સીમ સ્થિત નવા વાત્રક બ્રીજ ઉતરતો હતો. આ સમયે એક નંબર પ્લેટ વગરની બાર વ્હીલ ટ્રક લઈ ઘસી આવેલ ચાર લૂંટારૂની ગેંગે આગળ ટ્રક ઉભી રાખી ટેમ્પો આંતર્યો હતો. બાદ ટ્રકમાંથી ઉતરેલ ત્રણ લૂંટારૂઓએ આઈશર ચાલક શીવશંકરને ગડદાપાટુનો માર મારી બે લૂંટારૂઓએ તેની આંખે કાળી પટ્ટી બાંધવાની સાથે દુપટ્ટાથી હાથ પગ બાંધી દીધા હતા. બાદ લૂંટારૂ ગેંગે આઈશર ચાલકનું એક ગાડીમાં ધકેલી અપહરણ કરી બાદ લૂંટારૂ ગેંગે ચાલક શીવશંકરને ખિસ્સામાંના રૂા.૬ હજાર કાઢી લઈ આંત્રોલી ગામની સીમમાં ફેંકી દીધો હતો.

બીજી તરફ એક લૂંટારૂ સીગારેટ સહીતનો સરસામાન ભરેલ આઈશર ટેમ્પો સોખડા વાત્રક બ્રીજથી લઈ રવાના થઈ ગયો હતો. બાદ ગેંગે આઈશરમાં ભરેલ રૂા.૭ લાખની કિંમતના સીગારેટ, સાબુ, નુડલ્સ, બીસ્કીટ સહીતની લૂંટ ચલાવી લૂંટારૂ ગેંગે આઈશર ટેમ્પો ને.હા.નં.૮ પર આવેલ રઘવાણજ ચોકડી પાસેના રતનપુર ગામના સર્વિસ રોડ પર છોડી દીધો હોવાનું સામે આવ્યું હતું.

0-0-0

વલ્લભ વિદ્યાનગર નગરપાલિકા જી.આણંદ
જાહેર નિવિદા

તા.૧૨/૭/૨૦૧૮

આથી જીપીએસની કામગીરી કરતી એજન્સીઓને જણાવવાનું કે, વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાના જુદા જુદા વિભાગોમાં કરતા વાહનો/સાધનો ઉપર જીપીએસ સીસ્ટમ લગાવવાની હોઈ સીલબંધ કવરમાં ભાવો તા.૨૦/૭/૨૦૧૮ સુધી નગરપાલિકા કચેરી સમય દરમ્યાન રજી.પોસ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે. ભાવો તમામ ટેક્ષ સહિતના આપવાના રહેશે.

શરતો :

૧. ભાવપત્રકના કવર ઉપર કામનું નામ લખવાનું રહેશે.

૨. આવેલ તમામ ભાવ મંજુર રાખવા કે નામંજુર કરવાની સત્તા નગરપાલિકાને અબાધિત રહેશે.

	ચીફ ઓફીસર	પ્રમુખ
	નગરપાલિકા	નગરપાલિકા
(માહિતી/આણંદ/૨૬૫/૧૮-૧૯)	વલ્લભ વિદ્યાનગર	વલ્લભ વિદ્યાનગર

ટાઈટલ કલીયર સર્ટીફીકેટના હેતુથી જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ શ્રી સુનીલ એસ. પટેલ, રહે. આણંદ નાઓ તે આ જાહેર નોટીસથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારા અસીલની મોજે ગામ આણંદ, તા. જી. આણંદમાં આવેલ નીચે અનુ. નં. ૧ થી ૪ માં જણાવ્યાં મુજબની મિલકતો અંગે અમારી પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જે પૈકી અનુ. નં. ૩ વાળી મિલકતને લગતાં અગાઉના માલિકોના અસલ રજી. વે. દ. નં. ૧૭૦૮ / ૯૫, તા. ૦૨.૦૫.૧૯૯૫ તથા અસલ રજી. વે. દ. નં. ૬૩૪૭ / ૦૯, તા. ૦૧.૦૯.૨૦૦૯ ખોવાઈ ગયેલ છે અને શોધખોળ કરવા છતાંય મળી આવેલ નથી. જે બંને દસ્તાવેજની સબ - રજીસ્ટ્રાર, આણંદની કચેરીની સહી - સિકકાવાળી સર્ટીફાઈડ નકલો રજુ કરેલ છે. જેથી, ઉપરોકત દસ્તાવેજો અંગે કોઈ પણ ઈસમ કે સંસ્થાને જાણ હોય / મળી આવેલ હોય તો અમોને નીચેના સરનામે દિન - ૭ માં પુરાવા સહિત જાણ કરવાની રહેશે. નીચે અનુ. નં. ૧ થી ૪ માં જણાવેલ તમામ મિલકતોમાં સામે જણાવેલ તારણો / બોજા સિવાય અન્ય કોઈ પણ વ્યકિત કે નાણાંકીય સંસ્થાનું કોઈ પણ પ્રકારનું લેણું, લાગ - ભાગ કે હકક - હિસ્સો રહેલ નથી કે હકુમત ધરાવતી કોર્ટમાં કોઈ દાવો કે તકરાર પેન્ડીંગ નથી. તેમ છતાં, જો અન્ય કોઈ વ્યકિત કે સહ હિસ્સેદારો કે નાણાંકીય સંસ્થાનો કોઈ પણ પ્રકારનો હીત, સંબંધ, લાગભાગ, હકક - હિસ્સો રહેલ હોય અથવા કોઈ લેણું કે અવેજ કે લીયન તથા વારસાઈ, વેચાણ, બાનાખત, બક્ષીસ કે મોર્ગેજ જેવા હકકો પ્રસ્થાપીત થયેલ હોય તો અથવા કોઈ પણ કોર્ટ કે ટ્રીબ્યુનલમાં દાવો કે વિવાદ પેન્ડીંગ હોય તો પુરાવા સહીત દિન - ૭ માં નીચેના સરનામે લેખીત જાણ કરવાની રહેશે. જો તેમ કરવામાં નહી આવે તો મજકુર મિલકતો બાબતે કોઈનો હકક - દાવો કે તકરાર રહેતી નથી, અને હોય તો તે વેવ કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે. તે પછીની કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર કાયદેસરની ગણવામાં આવશે નહી. જેની નોંધ લેવાની રહેશે.

અનુ. નં.	માલિક / કબ્જેદારનું નામ	મિલકતનું વર્ણન	તારણની વિગત
(૧)	જયેશકુમાર રાવજીભાઈ પટેલ	મોજે ગામ આણંદ, તા. જી. આણંદના સીટી સર્વે નં. ૨૩૧૧, ટી. પી. સ્કીમ નં. ૨, ફા. પ્લોટ નં. ૧૯૩, કુલ ક્ષે. ૪૬૫૫.૦૬૨૫ ચો. મી. પૈકી ૧૧૫૭.૩૦ ચો. મી. વાળી મિલકત	એચ. ડી. એફ. સી. બેંક, આણંદ શાખા
(૨)	નિકુલભાઈ છોટાભાઈ પટેલ	મોજે ગામ આણંદ, તા. જી. આણંદના રે. સ. નં. ૫૯૭ / ૨, કુલ ક્ષે. ૧૩૧૫.૦૦ ચો. મી., ટી. પી. સ્કીમ નં. ૬, ફા. પ્લોટ નં. ૧૨૭, કુલ ક્ષે. ૧૧૨૪.૦૦ ચો. મી. વાળી મિલકત	એચ. ડી. એફ. સી. બેંક, આણંદ શાખા
(૩)	અલકાબેન નિકુલભાઈ પટેલ	મોજે ગામ આણંદ, તા. જી. આણંદના રે. સ. નં. ૬૩૦, કુલ ક્ષે. ૧૬૧૯.૦૦ ચો. મી., ટી. પી. સ્કીમ નં. ૭, ફા. પ્લોટ નં. ૧૨૮, કુલ ક્ષે. ૫૧૫.૦૦ ચો. મી. જેમાં કુલ બાંધકામ ૩૩૬.૫૯ ચો. મી. વાળી મિલકત	સરદારગંજ મર્કન્ટાઈલ કો. ઓપ. બેંક લિમીટેડ, આણંદ
(૪)	નિકુલભાઈ છોટાભાઈ પટેલ, જયેશભાઈ રાવજીભાઈ પટેલ	મોજે ગામ આણંદ, તા. જી. આણંદના રે. સ. નં. ૨૩૨૧, ટી. પી. સ્કીમ નં. ૨, ફા. પ્લોટ નં. ૪૮૫ / એ, કુલ ક્ષે. ૪૧૭.૮૮.૫૦ ચો. મી. વાળી મિલકત	તારણમાં સામેલ નથી.

ઓફિસ : ૧૫, પહેલો માળ, સરદાર પટેલ માર્કેટ બિલ્ડીંગ,
શાક માર્કેટ પાસે, અમુલ ડેરી રોડ, આણંદ - ૩૮૮૦૦૧
ફોન નં. ૦૨૬૯૨ - ૨૫૪૨૬૦
મો. ૯૮૨૫૪૦૯૩૯૯, ૯૮૨૫૪૭૦૨૭૭

સહી (એસ. એસ. પટેલ)
સુનીલ એસ. પટેલ (એડવોકેટ - નોટરી)
(એડીશ્નલ સેન્ટ્રલ ગવર્મેન્ટ સ્ટેન્ડીંગ કાઉન્સેલ)